# Prof.R.B.Vaghela

Department Of History

# 1857 નો વિપ્લવ


1857
FIRST WAR OF INDEPENDENCE

- “૧૮૫૭ ના વિપ્લવને ગમે તે નામ આપવામાં આવે,પણ દરેક રીતે તેનું સ્વરૂપ મર્યાદિત અને અવ્યવસ્થિ હતું”

થોમસન અને ગેરેટ

- પ્રસ્તાવના:-

૧૮૫૭ નો વિપ્લવ ભારતમાં બ્રિટિશ સામ્રરાજય ને ઉથલાવવા માટે નો પ્રથમ વિગ્રહ ગણાય છે. મોટા ભાગનાં બિટિશ ઈતિહાસકારોએ અને તેના પ્રભાવ નીચે આવેલા ભારતીય ઈતિહાસકારોએ આ ઘટનાને અયોગ્ય રીતે હિદી સિપાઈઓનો બળવો કહી તેને અસફળ વિદ્રોહ તરીકે ગણાવ્યો છે.પરંતુ હકકીતમાં આ બળવો નિષ્ફળ નીવળવ્યો ન હતો.તે એક વિશાળ ક્રાંતિનો પૂર્વાંઘ હતો. તેની વિશિષ્ટતા એ હતી કે તેમાં હિંદુ-મુસ્લીમો પોતાના મતભેદો ભૂલી જઇ ખભે-ખભા મીલાવીને અગ્રેંજો સામે લડયા હતા.







# ઇ.સ. ૧૮૫૭ નાં વિપ્લવનાં કારણો:

## રાજકીય કારણો

(૧) ડેલહાઉસીની ખાલસાનિતિ:- ડેલહાઉસીએ ખાલસાનિતિ મુજબ અનેક દેશી રાજ્યોને કંપનીના સામ્રરાજયમાં ભેળવી દીધા. કાયદેસરના વારસાના અભાવે સતારા,નાગપુર,ઝાંસી,સંબલપુર,જૈતપુર,બાઘટ,નાગપુર જેવા અનેક રાજ્યોને ખાલસા કર્યા.તેથી બીજા રાજયેને લાગ્યુ કે હવે અમારો પણ વારો આવશે.બહાદુરશાહ ના મૃત્યુ પછી તેના વારસોને પણ કંપની સરકારે માન્યકર્યા નહી. તેથી મુસ્લીમોમાં પણ અંગ્રજો પ્રત્યે ઘૃણાની લાગણી જન્મી.

(૨) પેન્શનની નાબુદી:- પેશવા બાજીરાવનાં મૃત્યુ પછી તેને મળતુ પેન્શન તેના દતક પુત્ર નાના સાહેબને આપવાનું બંધ કર્યુ.બીજા શબ્દોમાં તેમનુ પેન્શન કેન્સલ કરવામાં આવ્યું તેથી નાના સાહેબ પણ બળવામાં જોડાયા.



NANA SAHIB.

(૩) કંપનીના ઉચ્ચ અધિકારીઓના બે જવાબદાર લખાણો:- ચાર્લ્સ નેપિયરે કહયુ હતુ કે“ જો હું બાર વર્ષ સુધી હિંદનો સમ્રાટ રહીશ તો એક પણ ભારતીય રાજવી ન રહે,નિઝામને ખબર ન પડત અને નેપાળ આપણુ બની જાય” આવા અનેક લખાણોને કારણે હિંદની પ્રજાને અગ્રંજોની ખરાબ દાનતનો ખ્યાલ આવી ગયો હતો.

(૪) જાગીરદારોનો ઉગ્ર અસંતોષ:- બળવાનાં ૫ વર્ષ અગાઉ ઈનામી કમિશન દ્વવારા મુંબઈ ઈલાકાની લગભગ ૨૦ હજાર જેટલી જાગીરો જપ્ત કરવામાં આવી મણીપુરના રાજાનાં ૧૫૮ ગામોમાંથી ૧૧૬ ગામો છીનવી લેવામાં આવ્યા,તેથી જાગીરદારોનો અસંતોષ વધવા લાગ્યો



# સામાજિક અને ધાર્મિક કારણો

(૧) કાયદા દ્વવારા ધાર્મિક ભાવના ઉપર આઘાતઃ- કંપનીના શાસનકાળ દરમ્યાન સતીપ્રથા,બાળલગ્નો,બાળહત્યાને નાબુદ કરવા વગેરે કાયદાઓ પસાર કરવામાં આવ્યા.કાયદા મુજબ જે હિંદીઓ એ ધર્મૉતર કર્યું હોય તેમને બાપદાદાની મિલકત વારસામાં મળી શકશે. તેથી હિંદુ પ્રજામાં અસંતોષની લાગણી જન્મી.

(૨) હિંદીઓને ઉચ્ચ હોદાઓથી વંચિત:-કેળવણી પામેલા અને લાયક હિંદીઓને ઉચ્ચ હોદાઓથી વંચિત રાખવામાં આવતાં હતા.વહીવટમાં તેમને માટે નીચલા દરજજાની નોકરીથી સંતોષ માનવો પડતો હતો. તેથી શિક્ષિતવર્ગ પણ બળવામાં જોડાયો.

(૩) ન્યાયમાં અસમાનતા:- અદાલતોમાં દરેક નાગરીકને સમાન ગણવામાં આવતાં,પરંતુ યુરોપીય પ્રજા માટે આ સિધ્ધાંત લાગુ ન હતો.તેમના માટે વિશેષ કાયદાઓ હતા.

(૪) ખ્રિસ્તીઘર્મૅનો પ્રચાર:- ખ્રિસ્તી પાદરીઓ શાળાઓમાં,દવાખાનામાં,જેલોમાં અનેક જગ્યાએ તેમના ઘર્મૅનો પ્રચાર કરી રહયા હતા.

## લશ્કરી કારણો

(૧)લશ્કરમાં અસંતોષ:- હિંદી સૈનિકોને પગાર-ભથ્થા આપવાનાં વચનો આપવ્યા હતા. તેનું પાલન ન કર્યુ,તેથી લશ્કરમાં અસંતોષ વ્યાપયો. ખ્રિસ્તીઘર્મ અપનાવનાર ને વઘુ પગાર મળતો.

(૨) હિંદી સૈન્યની સંખ્યામાં વઘારો:- ભારતીય સૈન્યની સંખ્યા અંગ્રેજ લશ્કરની સંખ્યા કરતા ઘણી વઘારે હતી.વ્યુહાત્મક સ્થળોએ ભારતીયો જ હતા.

(૩) સૈનિકો સાથે તિરસ્કાર યુકત વ્યવહાર:- સૈનિકો સાથે તેઓ અમાનવીય વ્યવહાર કરતાં,તેમને હબસી,સુવર જેવી ગાળો સહન કરવી પડતી હતી.

# તાત્કાલીક કારણો

(૧) આ દરમ્યાન ભારતીય છાવણીઓમાં એવી અફવા ફેલાઇ ગઇ કે તેમને જે બંદુકો આપવામાં આવી છે. તેની કારતૂસોમાં ગાય અને ડુકકર ની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો છે આનાથી હિંદુ અને મુસ્લિમ સૈનિકો ચોંકી ઉઠવ્યા તેમને લાગ્યુ કે હવે તેમનો ધર્મ જોખમમાં છે. બંગાળની લશ્કરી છાવણીમાં અશાંતિ ફેલાઇ,મંગલ પાંડે એ કારતૂસ અડકવાની ના પાડી, તેણે અંગ્રેજ અફસરનું ખૂન કર્યુ.


Mangal Pandey:
Spark of the
First Bharatiya
War of Independence
in 1857
© Hindujagruti.org














34